# શ્રી સાવરકુંડલા જૈન વિદ્યાર્થીગૃહ

## ન્યૂઝલેટર એપ્રિલ ૨૦૨૧

Web Site : http://www.sjvggruh.org

Email : sjvgmumbai1@gmail.com


Email : sjvg222089@gmail.com

**એડમિશન પ્રક્રિયા ૨૦૨૧ – ૨૦૨૨ ચાલુ છે.**

**જૈન ધર્મના તમામ ફિરકાના બાળકોને ધોરણ ૫ થી ૧૨ અને કોલેજમા ભણવા તેમજ રહેવા માટેની સંસ્કરણ સાથેની નિ : શુલ્ક સુવિધા.**


શ્રીસાવર કુંડલા
જૈન વિદ્યાર્થી ગૃહ
શ્રી મહાસુખલાલ લક્ષ્મીચંદ શેઠ
માધ્યમિક છાત્ર નિવાસ

# હર્ષની લાગણી



પ્રતિ શ્રી,

પ્રમુખ શ્રી,ટ્રસ્ટી મંડળ,દાતાશ્રી ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ તથા શુભેચ્છક મિત્રો,

શ્રી સાવરકુંડલા જૈન વિદ્યાર્થીગૃહ.

જય જીનેન્દ્ર!

સવિનય સાથે જણાવવાનુ કે અમે યશ ધંધુકિયા (સાયલા) અને શુભમ શાહ (મુંબઈ) ધોરણ ૭મા અભ્યાસ કરતા વિધાર્થીઓ આપણી સંસ્થાના મુંબઈ ઓફિસ સ્થિત દિક્ષીતાબેનના માર્ગદર્શન હેઠળ એપ્રિલ માસનો 'ઓનલાઈન' અહેવાલ આપની સમક્ષ પ્રસ્તુત કરતા હર્ષની લાગણી અનુભવીએ છીએ.

# વિદ્યાર્થીઓનુ અભ્યાસ કાર્ય



દરેક વિદ્યાર્થીઓનુ અભ્યાસ કાર્ય સરસ રીતે ચાલી રહ્યુ હતુ પરંતુ મહામારી કોરોનાની પરિસ્થિતીને ધ્યાનમા લેતા શાળા તેમજ ટ્યૂશન દ્વારા પ્રત્યક્ષ અભ્યાસ બંધ કરીને ફરીથી ઓનલાઇન અભ્યાસની શરૂઆત કરવામાં આવી છે.

આથી સ્થાનિક કમિટી અને મુંબઈ કમિટી દ્વારા લેવાયેલ નિર્ણય પ્રમાણે તારીખ ૦૬ એપ્રિલના રોજ ધોરણ ૬થી ૯મા ભણતા ૭ વિદ્યાર્થીઓને અને તારીખ ૧૫મી એપ્રિલથી ધોરણ ૧૦ અને ૧૨મા ભણતા બાકીના ૧૦ વિદ્યાર્થીઓને ઘરે જવાની રજા આપવામાં આવી હતી.

ગુજરાત રાજય સરકારશ્રી દ્વારા કરવામાં આવેલી જાહેરાત મુજબ ધોરણ ૧૦મા અને ધોરણ ૧૨મા ની પરીક્ષા માટે તારીખ ૧૫મી મેના દિવસે મીટિંગ બોલાવી નક્કી કરવામાં આવશે.

દરેક વિદ્યાર્થીઓનુ ઓનલાઇન શાળા અને ટ્યૂશન ક્લાસ દ્વારા અભ્યાસ કાર્ય સરસ રીતે ચાલી રહ્યું છે.

# વેકેશનની જાહેરાત




કોરોના સંક્રમણને કારણે વાર્ષિક પરીક્ષા લેવાનુ શક્ય ન હોવાથી આ વર્ષે પણ ધોરણ ૫ થી ૯ અને ૧૧ મા ભણતા વિદ્યાર્થીઓને માસ પ્રમોશન આપવાની જાહેરાત કરી હતી.

ધોરણ ૫ થી ૯ અને ૧૧ મા ભણતા વિદ્યાર્થીઓ માટે તારીખ 03 મેથી તારીખ 0૬ જૂન સુધી ઉનાળુ વેકેશનની જાહેરાત કરવામાં આવી છે.

એપ્રિલમાં નવુ સત્ર ચાલુ કરવાની શક્યતા ન હોવાથી વર્ષ ૨૦૨૧ – ૨૦૨૨નુ નવુ સત્ર જૂનમા જ ચાલુ કરવામા આવશે.

# વિદ્યાર્થીઓ માટે રચનાત્મક કાર્યક્રમનુ આયોજન



દરેક વિદ્યાર્થીઓમા રચનાત્મક કાર્યનો ગુણ પણ વિકસે એ માટે તારીખ ૧૨મી એપ્રિલે સવારે વિદ્યાર્થીગૃહમા વિદ્યાર્થીઓ દ્વારા બગીચામા સાફ સફાઈનુ આયોજન કરવામા આવ્યુ હતુ.

જેમાં દરેક વિદ્યાર્થીઓએ ખૂબ જ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.





આ સિવાય પક્ષીઓ માટે ૧૦ કુંડા પણ મુકાવવામાં આવ્યા હતા.

# જન્મદિનની શુભકામના



જેનિલ મહેતા



સાહિલ શાહ




સુધાંશુ ભાવસાર

એપ્રિલ માસ દરમ્યાન નીચે મુજબના વિધાર્થીઓના જન્મદિન હતા. દરેક વિદ્યાર્થીઓને જીતુભાઈ દ્વારા ટેલિફોનિક શુભેચ્છા પાઠવવામા આવી હતી.

| તારીખ | વિદ્યાર્થીનું નામ | ધોરણ |
|---|---|---|
| ૧૨/૦૪/૨૦૦૭ | જેનિલ મહેતા | ૯ |
| ૨૧/૦૪/૨૦૦૬ | સાહિલ શાહ | ૯ |
| ૩૦/૦૪/૨૦૦૭ | સુધાંશુ ભાવસાર | ૮ |

# શોક સંદેશ – ત્રંબકલાલ સંઘવી



શ્રી સાવરકુંડલા જૈન વિદ્યાર્થીગૃહના ઉદારદિલ દાતા શ્રી ત્રંબકલાલ સંઘવી (સાવરકુંડલા નિવાસી) તારીખ ૧૩/૦૪/૨૦૨૧ ના અરિહંતશરણ પામ્યા છે.

તેઓશ્રી સાવરકુંડલા વિદ્યાર્થીગૃહના સ્થાનિક સમિતિના ભૂતપૂર્વ સભ્ય હતા અને સરળ હૃદયી તેમજ ઋજુ સ્વભાવના હતા.તેઓશ્રી સાવરકુંડલા વિદ્યાર્થીગૃહ પ્રત્યે વિશેષ લાગણી ધરાવતા હતા અને વિદ્યાર્થીગૃહની વારંવાર મુલાકાત પણ લેતા હતા.આ માટે શ્રી સાવરકુંડલા જૈન વિદ્યાર્થીગૃહ સદા ને માટે તેમનુ ઋણી રહેશે.

પ્રભુ એમના આત્માને શાંતિ આપે એ જ પ્રાર્થના.

શ્રી ત્રંબકલાલ સંઘવીના સુપુત્ર શ્રી નીતિનભાઈ સંઘવી હાલ માં શ્રી સાવરકુંડલા જૈન વિદ્યાર્થીગૃહના કારોબારી સમિતિના સભ્ય બની સમાજસેવાનું ઉત્કૃષ્ટ કાર્ય કરી રહ્યા છે.

# શોક સંદેશ – ચંદુભાઈ મહેતા



શેલણા નિવાસી અને શ્રી સાવરકુંડલા જૈન વિદ્યાર્થીગૃહના ભુતપૂર્વ વિદ્યાર્થી શ્રી ચંદુભાઈ મહેતા તારીખ ૨૪/૦૪/૨૦૨૧ ના તેમજ તેમના ધર્મપત્ની સુભદ્રાબેન તારીખ ૧૭/૦૪/૨૦૨૧ ના અરિહંતશરણ પામ્યા છે.

ચંદુભાઈ એ શ્રી ઘોઘારી સમાજના ગૌરવ હતા તેમજ ઘોઘારી જૈન દર્પણના તંત્રીશ્રી  હતા.તેઓ તેમના લેખ દ્વારા હમેશા સમાજને એકત્રિત કરવાની ભાવના ધરાવતા હતા અને યુવા સમાજને પણ આ સંદેશો આપતા હતા.

હમેશા પરોપકાર જેનો પરિચય હતો એવા શ્રી ચંદુભાઈ મહેતાના અવસાનથી શ્રી સાવરકુંડલા જૈન વિદ્યાર્થીગૃહને મોટી ખોટ પડી છે.

પ્રભુ એમના આત્માને શાંતિ આપે એ જ પ્રાર્થના.

# વાચકોના શુભેચ્છા સંદેશ

ગત માર્ચ મહિનાના આપણા માસિક અહેવાલથી સંતુષ્ટ થઇને આપણા નીચે મુજબના શુભેચ્છક મિત્રોએ આપણને શુભકામના પાઠવી હતી.

- **Very Good Informative Newsletter.**

  **Heartiest congratulations to Mumbai and Local managing Committee.**

  **(Pratapbhai Shah)**

- **શ્રી સાવરકુંડલા જૈન વિદ્યાર્થી ગૃહ નો March 2021 - Newsletter વાંચી ને ખુબજ આનંદ થયો. દિક્ષિતા બેન ના માર્ગદર્શન હેઠળ ધોરણ 7 ના બંને વિદ્યાર્થીઓ -. આદિત્ય શાહ અને જતીન શાહ - એ આંખને ઠારે અને દિલને ગમે તે રીતે સંસ્થાના સમાચાર ની સુંદર રજૂઆત કરી છે.ખૂબ ખૂબ અભિનંદન અને શુભેચ્છાઓ.**

  **(નરેશભાઈ સાવડિયા )(મુંબઈ)**

- **Good Work (Rajeshbhai S. Shah)**

- **Excellent (Nalinbhai Shah)**

# વાચકોના શુભેચ્છા સંદેશ

- very nice Good report Proper presentation Congratulations to All Trustees and employees. (Narpatbhai Sanghavi) (Principal of vallabh vidhyanagar)
- Nice Work & Very Good Activities Of Savarkundla Jain Vidhyarthi Gruh.Monthly News Letter Is Good This Time. (Sudhirbhai M Shah)
- Khub Saras,Khub Anumodna (Dixit bhai)
- Khub saras kam karo che khub khub abhinandan. (Jayeshbhai Sanghavi)

આ સિવાય પણ

- રવિન્દ્રભાઈ શાહ અને સુરેશભાઈ મહેતા એ પણ પોતાના અભિપ્રાય મુંબઈ ઓફિસના નંબર પર આપ્યા હતા

ઉપરોક્ત સર્વ વાચકોનો સસ્નેહ આભાર...

આ મુજબ આપનો અભિપ્રાય અમને મુંબઈ ઓફિસ ના નંબર ૯૩૭૨૯ ૪૦૮૭૮ પર મોકલતા રહેશો જેથી અમારો ઉત્સાહ જળવાય રહે અને અમારે યોગ્ય કઈ સુચન હોય તો અવશ્ય જણાવશો.

# આભાર

## સાવરકુંડલા કાર્યાલય

ઓફીસ : ૦૨૮૪૫ – ૨૨૨૦૮૯

જીતુભાઈ બારોટ : ૯૪૨૬૪ ૫૨૦૮૯

## મુંબઈ કાર્યાલય

C/O. કલ્પેશ ગારમેન્ટ
(નગીનદાસ ઝ. મહેતા)

ઓફીસ : ૦૨૨ – ૨૩૪૦૧૯૨૫

દિક્ષીતા બેન : ૯૩૭૨૯ ૪૦૮૭૮

## સા.કુ સ્થાનિક કમીટી મેમ્બર

કનુભાઈ સંઘવી : ૯૫૧૦૫ ૧૫૮૩૪

પ્રદીપભાઈ દોશી : ૯૪૨૬૪ ૫૫૬૫૫

ચેતનભાઈ દોશી : ૯૮૨૫૬ ૯૨૨૫૫

કિશોરભાઈ મહેતા : ૯૪૨૮૬ ૧૯૧૮૫